# Surat Municipal Corporation

## e-Magazine

Issue 18
Sept 9,2005


### તા. ૩૧–૦૮–૨૦૦૫ના રોજ હરિઓમ આશ્રમ પ્રેરિત સુરતમહાનગર પાલિકા સંચાલિત શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા યોજાઈ



હરિઓમ આશ્રમ પ્રેરિત સુરત મહાનગરપાલિકા સંચાલિત શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા તા. ૩૧–૦૮–૨૦૦૫ના રોજ વીર સાવરકર તરણકુંડ, જોગાણીનગર, પાણીની ટાંકી પાસે, અડાજણ ખાતે યોજવામાં આવી હતી. સ્પર્ધામાં ૯ થી ૧૧ વર્ષ, ૧૧ થી ૧૩ વર્ષ તથા ૧૩ થી ૧૬ વર્ષના અલગઅલગ વય જૂથના છોકરાઓ અન. છોકરીઓની સ્પર્ધા યોજવામાં આવી હતી....

વધુ માટે કલીક કરો >>>>>>

### સુરત મહાનગરપાલિકા સંચાલિત આઈ.સી.ડી.એસ. યોજના ધ્વારા તા. ૦૧–૦૯–૨૦૦૫ થી તા. ૦૭–૦૯–૨૦૦૫ સુધી " રાષ્ટ્રીય પોષણ સપ્તાહ " ની ઉજવણીનું આયોજન

સુરત મહાનગરપાલિકા સંચાલિત આઈ.સી.ડી.એસ. યોજના ધ્વારા તા. ૦૧–૦૯–૨૦૦૫ થી તા. ૦૭–૦૯–૨૦૦૫ સુધી " રાષ્ટ્રીય પોષણ સપ્તાહ " ની ઉજવણીનું આયોજન કરવામાં આવેલ છે...

વધુ માટે કલીક કરો >>>>>>



### શ્રી ગણેશજીની કલાત્મક મૂર્તિઓ અને ફોટોગ્રાફસનું પ્રદર્શન



સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ની ઉજવણી નિમિતે વર્ષ દરમ્યાન વિવિધ વિકાસલક્ષી કાર્યક્રમો યોજવામાં આવે છે. જેના ભાગરૂપે તા. ૦૬–૦૯–૨૦૦૫થી ગણેરોત્સવ નિમિતે સુરત મહાનગરપાલિકા સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમ ખાતે શ્રી ગણેશજીની ૨૫૦ કલાત્મક મૂર્તિઓ અને ૧૧૦ ફોટોગ્રાફસ અને વિવિધ માહિતીઓ સહિતના પ્રદશનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શન માનનીય મેયર શ્રીમતિ સ્નેહલતાબેન ચૌહાણના વરદ હસ્તે ખુલ્લુ મુકવામાં આવેલ છે....

વધુ માટે કલીક કરો >>>>>>

### સુરત મહાનગરપાલિકાની ૩૩મી નાટય સ્પર્ધાનો ગાંધી સ્મૃતિ ભવન ખાતે આરંભ

સુરત મહાનગરપાલિકાની ૩૩મી નાટય સ્પર્ધાનો આરંભ ગાંધી સ્મૃતિ ભવન ખાતે તા.૦૫–૦૯–૨૦૦૫ના રોજ  સ્પર્શ સંસ્થાના નાટક " ટ્રિગર " થી થયો હતો. મા. મેયર શ્રીમતિ સ્નેહલતાબેન ચૌહાણ, ડે. મેયર શ્રી ધીરૂભાઈ સવાણી, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ ભાવનાબેન પંડયા, ઉપાધ્યક્ષા શ્રીમતિ પદમાબેન કાંટવાળા, ડે. કમિનશર (સ્પે.) શ્રી પ્રદિપસિંહ ઝાલા, નિર્ણાયકો શ્રીમતિ સરોજબેન ઓઝા (મુંબઈ), શ્રી ભાનુપ્રસાદભાઈ ઉપાધ્યાય (વડોદરા), શ્રીમતિ જયોતિબેન ઠાકોર (સુરત) વિગેરેએ દીપપ્રાગટય કરી ૩૩મી નાટય સ્પર્ધાને ખુલ્લી મુકી હતી....

વધુ માટે કલીક કરો >>>>>>



## તા. ૩૧–૦૮–૨૦૦૫ના રોજ હરિઓમ આશ્રમ પ્રેરિત સુરતમહાનગર પાલિકા સંચાલિત શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા યોજાઈ.

હરિઓમ આશ્રમ પ્રેરિત સુરત મહાનગરપાલિકા સંચાલિત શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા તા. ૩૧–૦૮–૨૦૦૫ના રોજ વીર સાવરકર તરણકુંડ, જોગાણીનગર, પાણીની ટાંકી પાસે, અડાજણ ખાતે યોજવામાં આવી હતી. સ્પર્ધામાં ૯ થી ૧૧ વર્ષ, ૧૧ થી ૧૩ વર્ષ તથા ૧૩ થી ૧૬ વર્ષના અલગઅલગ વય જૂથના છોકરાઓ અન. છોકરીઓની સ્પર્ધા યોજવામાં આવી હતી. તરણ સ્પર્ધામાં મા. ડે. મેયરશ્રી ધીરૂભાઈ સવાણી, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ ભાવનાબેન પંડયા, ઉપાધ્યક્ષા શ્રીમતિ પદ્માબેન કાંટવાલા, શ્રી ચીમનલાલ લાપસીવાલા, શ્રી જશવંતભાઈ પચ્ચીગર વિ.એ સ્પર્ધાનો શુભારંભ કરાવ્યો હતો. તેમજ અન્ય સદસ્યશ્રીઓએ હાજર રહી સ્પર્ધકોએ પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધાના વિજેતા સ્પર્ધકોએ ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે.

**૯ થી ૧૧ વર્ષ :**

| ઈનામનો ક્રમ | છોકરાઓનું નામ | છોકરીઓનું નામ |
|---|---|---|
| પ્રથમ વિજેતા | શાહ કરણ નિતીનભાઈ | કહાર કૃતિકા અશોકભાઈ |
| દ્રિતિય વિજેતા | ભાણવડીયા રાજ સંજયભાઈ | સેલર પ્રિયંકા ધમેન્દ્રભાઈ |
| તૃતિય વિજેતા | કહાર ફેનીલ હર્ષદભાઈ | ગાંધી આયુષી મિનેષભાઈ |

**૧૧ થી ૧૩ વર્ષ :**

| ઈનામનો ક્રમ | છોકરાઓનું નામ | છોકરીઓનું નામ |
|---|---|---|
| પ્રથમ વિજેતા | ટંડેલ પાર્થકુમાર આર. | જોષી હેલી પી. |
| દ્રિતિય વિજેતા | સુરતી મેનીલ પી. | કોમલ એ. રેતીવાલા |
| તૃતિય વિજેતા | પટેલ મિહિર કે. | બિંજલ જે. રેતીવાલા |

**૧૩ થી ૧૬ વર્ષ :**

| ઈનામનો ક્રમ | છોકરાઓનું નામ |
|---|---|
| પ્રથમ વિજેતા | કોઠારી અંશુલ કે. |
| દ્રિતિય વિજેતા | પટેલ જીગર એસ. |
| તૃતિય વિજેતા | પટેલ જયકુમાર ડી. |

ઉપરોકત સ્પર્ધામાં સ્પર્ધાના રેફરી તરીકે સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટરોએ સેવા આપી હતી.



TOP

## સુરત મહાનગરપાલિકા સંચાલિત આઈ.સી.ડી.એસ. યોજના ધ્વારા તા. ૦૧–૦૯–૨૦૦૫ થી તા. ૦૭–૦૯–૨૦૦૫ સુધી " રાષ્ટ્રીય પોષણ સપ્તાહ " ની ઉજવણીનું આયોજન

**સુરત મહાનગરપાલિકા સંચાલિત આઈ.સી.ડી.એસ. યોજના ધ્વારા તા. ૦૧–૦૯–૨૦૦૫ થી તા. ૦૭–૦૯–૨૦૦૫ સુધી " રાષ્ટ્રીય પોષણ સપ્તાહ " ની ઉજવણીનું આયોજન કરવામાં આવેલ છે.**




**આજરોજ ગાંધસ્મૃતિ ભવન ખાતે હોસ્પિટલ કમિટિની ચેરમેનશ્રી રાજુભાઈ ગોદીવાલાના હસ્તે દીપ પ્રાગટય કરી કાર્યક્રમનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. તેમણે આર્શીવચન આપી જણાવ્યું હતું કે સપ્તાહ દરમ્યાન યોજાનાર વિવિધ આરોગ્ય અને પોષણલક્ષી કાર્યક્રમનો લાભ લેવા અને જનસમુદાયમાં ઉતરોતર આરોગ્ય અને પોષણલક્ષી સ્વીકૃતિ વધતી રહે તે માટે તમામ વિસ્તારમાં આવા કાર્યક્રમ યોજવા જણાવ્યું. આ કાર્યક્રમમાં ડે. કમિશનર (હેલ્થ અને હોસ્પિટલ) ડો. આઈ.સી.પટેલ, આરોગ્ય અધિકારીશ્રી ડો. કમિશનર હેમંતભાઈ દેસાઈ, નાયબ આરોગ્ય અધિકારી ડો. પરમાર તેમજ ડો. વિકાસબેન દેસાઈ, પી.એસ.એમ. વિભાગના વડા, ગર્વમેન્ટ મેડિકલ કોલેજ હાજર રહયા હતા.**

**આ કાર્યક્રમમાં ડો. વિકાસબેન દેસાઈ તથા ડો. અભય કમિશનર, અને ડો. ભાવનાબેન દેસાઈ, પ્રિન્સીપાલ, હોમસાયન્સ કોલેજ તરફથી આંગણવાડી કાર્યકરોને મહિલા અને બાળકોના આરોગ્ય બાબતે માર્ગદર્શન પુરૂ પાડયું હતું.**

TOP

### શ્રી ગણેશજીની કલાત્મક મૂર્તિઓ અને ફોટોગ્રાફસનું પ્રદર્શન

સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ની ઉજવણી નિમિતે વર્ષ દરમ્યાન વિવિધ વિકાસલક્ષી કાર્યક્રમો યોજવામાં આવે છે. જેના ભાગરૂપે તા. ૦૬–૦૯–૨૦૦૫થી ગણેશોત્સવ નિમિતે સુરત મહાનગરપાલિકા સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમ ખાતે શ્રી ગણેશજીની ૨૫૦ કલાત્મક મૂર્તિઓ અને ૧૧૦ ફોટોગ્રાફસ અને વિવિધ માહિતીઓ સહિતના પ્રદશનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શન માનનીય મેયર શ્રીમતિ સ્નેહલતાબેન ચૌહાણના વરદ હસ્તે ખુલ્લુ મુકવામાં આવેલ છે. આ પ્રસંગે ડે. મેયર શ્રી ધીરૂભાઈ સવાણી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી પ્રવિણભાઈ નાયક, મા. કમિનશરશ્રી પંકજ જોષી, શાસકપક્ષના નેતાશ્રી પૂર્ણેશભાઈ મોદી, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ ભાવનાબેન પંડયા, ઉપાધ્યક્ષા શ્રીમતિ પદમાબેન કાંટવાળા, એડી.સીટી ઈજનેરશ્રી વી.ડી.પટેલ, આસી. કમિશનરશ્રી સી.વાય.ભટ્ટ, અન્ય સમિતિઓના ચેરમેનશ્રીઓ, સદસ્યશ્રીઓ, તેમજ શહેરી જનો માટી સંખ્યામાં હાજર રહયા હતા. આ પ્રદર્શન તા. ૧૬–૦૯–૨૦૦૫ સુધી સવારે ૧૦–૩૦ થી રાત્રે ૮–૩૦ સુધી (સોમવાર તથા જાહેર રજાના દિવસો સિવાય) જાહેર જનતા માટે ખુલ્લું રહેશે.



TOP

## સુરત મહાનગરપાલિકાની ૩૩મી નાટય સ્પર્ધાનો ગાંધી સ્મૃતિ ભવન ખાતે આરંભ

સુરત મહાનગરપાલિકાની ૩૩મી નાટય સ્પર્ધાનો આરંભ ગાંધી સ્મૃતિ ભવન ખાતે તા.૦૫–૦૯–૨૦૦૫ના રોજ સ્પર્શ સંસ્થાના નાટક '' ટ્રિગર '' થી થયો હતો. મા. મેયર શ્રીમતિ સ્નેહલતાબેન ચૌહાણ, ડે. મેયર શ્રી ધીરૂભાઈ સવાણી, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ ભાવનાબેન પંડયા, ઉપાધ્યક્ષા શ્રીમતિ પદમાબેન કાંટવાળા, ડે. કમિનશર (સ્પે.) શ્રી પ્રદિપસિંહ ઝાલા, નિર્ણાયકો શ્રીમતિ સરોજબેન ઓઝા (મુંબઈ), શ્રી ભાનુપ્રસાદભાઈ ઉપાધ્યાય (વડોદરા), શ્રીમતિ જયોતિબેન ઠાકોર (સુરત) વિગેરેએ દીપપ્રાગટય કરી ૩૩મી નાટય સ્પર્ધાને ખુલ્લી મુકી હતી. આ નાટય સ્પર્ધામાં સુરત શહેરની વિવિધ નાટય સંસ્થાઓ ધ્વારા કુલ ૧૧ નાટરો રજૂ થશે. જેનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે.



**–:: ૩૩મી નાટય સ્પર્ધાનો કાર્યક્રમ ::–**

| તારીખ | નાટકનું નામ | સંસ્થાનું નામ | લેખકનું નામ | દિગ્દર્શકનું નામ |
|---|---|---|---|---|
| 05-9-05 | ટ્રિગર | સ્પર્શ | રવિન્દ્ર પારેખ | ધ્વનિલ પારેખ |
| 06-9-05 | દીકરીને ગાય દોરે ત્યાં... | સુહૃદ આર્ટ થીયેટર | રૂપા ઉત્તમ બંગાળી મૂ.લેખક ગૌતમરોય | ડો. દિલીપ એમ. દેસાઈ |
| 07-9-05 | એક થા ગધા | રાજ ગ્રૃપ થિયેટર એન્ડ પરાફોમીંગ આર્ટસ | સ્વ. શરદ જોષી | રાજેશ પાંડેય |
| 08-9-05 | સ્વપ્નોના સોપાન | સુરત કલ્ચરલ એકેડમી | પ્રા. જયોતિ વૈદ્ય | પ્રકાશ મહેતા |
| 09-9-05 | અગ્નિ વર્ષા | સંભવ ગ્રૃપ | ગિરીશ કન્નાર્ડ | વિશાલ જરીવાળા સમીર મઢવી |
| 10-9-05 | બાપ રે બાપ | એલ.આઈ.સી. સ્પોર્ટસ એન્ડ રીક્રી. કલબ | પ્રા. જયોતિ વૈદ્ય | પુનિત લોટવાળા |
| 11-9-05 | એક છળ ઝળહળતું | રાષ્ટ્રીય કલા કેન્દ્ર | શૈલેન્દ્ર વડનેરે | મેહુલ શર્મા |
| 12-9-05 | એક હતો કેદાર... | લક્ષ્યાંક | શૈલેન્દ્ર વડનેરે | શૈલેન્દ્ર વડનેરે |
| 13-9-05 | ...અને એક દિવસ | પ્રતિબધ્ધ | પ્રવિણ પંડયા | કેતન રાઠોડ |
| 14-9-05 | રતનલાલની અમ્મા | એચ.કે.આર્ટસ | કપીલદેવ શુકલ | કપીલદેવ શુકલ |
| 15-9-05 | ઉલઝન ઉલઝન, મસ્તી મસ્તી | પંકજ પાઠકજી કૃત | હરીશ નાગ્રેચા | પંકજ પાઠકજી |

TOP